# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૩/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'ફયુચર ટ્રેન્ડ્સ ઓફ આંત્રપ્રિન્યોરશિપ' વિશે ઇન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવારે, ૧૨મી માર્ચ ૨૦૨૦ના રોજ સાંજે ૬:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'ફયુચર ટ્રેન્ડ્સ ઓફ આંત્રપ્રિન્યોરશિપ' વિષય ઉપર ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ઇમેજ–એન–શેપના પ્રિન્સીપાલ ડિઝાઇનર અને સુરત ટાઇ ફોરમના ફાઉન્ડર પ્રેસિડેન્ટ શ્રી સંજય પંજાબી દ્વારા ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધન કર્યુ હતુ.

શ્રી સંજય પંજાબીએ જણાવ્યુ હતુ કે, મોટાભાગે બિઝનેસમેન પ્રોફીટ માટે કામ કરતા હોય છે પણ આંત્રપ્રિન્યોર્સ એક પેશન માટે બિઝનેસની શરૂઆત કરતો હોય છે. એ ગ્લોબલ એપ્રોચની સાથે લોકોની વચ્ચે રહીને કામ કરે છે. એને કામ માટે સમયની મર્યાદા હોતી નથી. બિઝનેસ માટે હવે લોકોએ પણ માઇન્ડ સેટ બદલવાની જરૂર છે. બિઝનેસમાં આપણી આજુબાજુમાં થતી ઘટનાઓનો પણ અભ્યાસ કરવો પડે છે.

તેમણે શેરીગ ઇકોનોમી વિશે પણ સમજણ આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, ટ્રેડીશનલ કન્સેપ્ટ ઉપર થનારા બિઝનેસ તુટતા જશે તેવી શકયતા છે. ભવિષ્યમાં આ પ્રકારના બિઝનેસમાં તકલીફ પડી શકે છે. તેમણે સુરતમાં વધી ગયેલા ઇન્સ્ટાગ્રામ અને સોશિયલ મિડિયાના બિઝનેસ વિશે પણ માહિતી આપી હતી.

શ્રી પંજાબીએ વધુમાં કહયુ કે, તમારે ઓફિસ ભાડેથી લેવાની જરૂર નહી પડશે. તમે એક લેપટોપ લઇને કામ કરી શકશો. તમારા કલાયન્ટને કોઇ રેસ્ટોરન્ટમાં બોલાવીને તમારુ કામ કરી શકશો. ઘરેથી બેસીને પણ કામ કરવાનો સમય આવશે. તેમણે ગીગ ઇકોનોમી વિશે જણાવ્યુ હતુ કે, ભવિષ્યમાં ફોર્મલ કર્મચારીઓને બદલે કોન્ટ્રાકચ્યુલ કર્મચારીઓ મુકવાનો સમય આવશે. આ કર્મચારીઓ ફલેકસીબલ કલાકો માટે કામ કરશે. આગામી દસેક વર્ષ બાદ ટ્રેડીશનલ બિઝનેસને બદલે સ્ટાર્ટઅપ્સની જેમ જ જીવવુ પડશે. તેમણે ડિસ્રપ્ટ ઇનોવેશન અંગે પણ સમજણ આપી હતી.

આ સેશનમાં ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી સંજય ગજીવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીએ શ્રોતાઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે શ્રી બિજલ જરીવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.